# ૨૬ જૂન –૨૦૧૬ (રવિવાર)

**(૧) દુતીચંદ- ભારતીય એથ્લીટ**

- ભારતીય મહીલા એથ્લીટ દુતીચંદે ૧૦૦ મીટર દોડમાં રીયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું.
- કઝાકિસ્તાનના અલ્માટીમાં યોજાયેલી આ ઇવેન્ટમાં દુતીચંદે ૧૧.૩૦ સેકન્ડમાં રેસ પૂર્ણ કરી સીલ્વર મેડલ મેળવ્યો હતો.
- વતન – ઓડીશા
- આ પહેલા વર્ષ ૧૯૮૦માં પી.ટી. ઉષાએ મોસ્કો ઓલિમ્પિકમાં મહિલાઓની ૧૦૦ મીટર દોડમાં ક્વોલિફાય કર્યું હતું.

**(૨) લાલચંદ રાજપુત – પૂર્વ ભારતીય ક્રિકેટર :**

- ભારતના પૂર્વ બેટ્સમેન લાલચંદ રાજપુત અફઘાનિસ્તાન ટીમના નવા મુખ્ય કોચ બન્યા.
- લાલચંદ પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન ઇન્ઝમામ–ઉલ–હકની જગ્યા લેશે.

**(૩) સુશીલ કુમાર :**

- સુશીલકુમારને ભારતીય સ્કૂલ રમત મહાસંઘના અધ્યક્ષ બનાવાયાય છે.
- સતત બે ઓલિમ્પિક મેડલ જીતનારા દેશના એકમાત્ર ખેલાડી પહેલવાન સુશીલકુમાર મહાસંઘની ચૂંટણીમાં સર્વસંમતીથી ચૂંટાઇ આવ્યા હતા.

**(૪) ભારત અમેરિકા પાસેથી ૧૪૫ હોવિત્ઝર્સ તોપ ખરીદશે ?**

- ભારત પાંચ હજાર કરોડના ખર્ચ અમેરિકા પાસેથી ૧૪૫ હોવિત્સર્ઝર્સ તોપ ખરીદશે.
- તેમજ ૧૮ ધનૂષ આર્ટિલરી ગન પણ ખરીદશે.
- ૩૮ કિ.મી.ની રેન્જ ધરાવતી આ તોપ અરૂણાચલ અને લદ્દાખમાં તૈનાત કરાશે.
- આ કરાર અંતર્ગત અમેરિકાની મનેફેક્ચરિંગ કંપની ભારતમાં ૨૦ કરોડ ડોલરનું રોકાણ કરશે.
- આ વેપન સિસ્ટમની ટેસ્ટ ફેસિલિટી મહિન્દ્રા સાથેની ભાગીદારીમાં રહેશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ૧૦૦ મીટર દોડમાં ભારતની કઇ મહિલા ખેલાડીએ ઓલિમ્પિકમાં ક્વોલિફાય કર્યું ?
- દુતિચંદ

(૨) દુતિ ચંદ પહેલા કઇ ખેલાડીએ ઓલિમ્પિકમાં ૧૦૦ મીટર દોડમાં ક્વોલિફાય કર્યું હતું ?
- પી.ટી. ઉષા (૧૯૮૦)

(૩) તાજેતરમાં કયા ભારતીય અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ બન્યા ?
- લાલચંદ રાજપુત

(૪) તાજેતરમાં ભારતીય સ્કૂલ મહાસંઘના અધ્યક્ષ કોણ બન્યા ?
- સુશીલ કુમાર

(૫) આગામી સમયમાં ભારત ક્યાં દેશ પાસેથી ૧૪૫ હોવિત્ઝર્સ તોપ ખરીદશે ?
- અમેરિકા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧